# ન્યાયસંગત શ્રમ સંહિતા

ફેર લેબર એસોસિએશન (FLA) નો ફેર લેબર કોડ કારખાનાઓ અને ખેતરોમાં કામદારોના હકો જાળવવા માટેના ધોરણો નિર્ધારિત કરે છે. ફેર લેબર કોડ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ધોરણો અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય માનવાધિકારો પર આધારિત છે. FLA ના સભ્ય કંપનીઓ કામદારોના રક્ષણ માટે અને કારખાનાઓ તથા ખેતરોને વધુ સારા કાર્યસ્થળ બનાવવાના હેતુથી તેમની વૈશ્વિક સપ્લાય ચેઇનમાં આ કાર્યસ્થળના ધોરણો જાળવવા માટે સંમત થાય છે.

Fair Labor

| સંહિતા તત્વ | પ્રમાણભૂત |
|---|---|
| **રોજગાર સંબંધ** | નોકરીદાતાઓએ રોજગારના એવા નિયમો અને શરતો અપનાવવા જોઇએ અને તેનું પાલન કરવું જોઇએ જે કામદારોનો આદર કરે અને ઓછામાં ઓછું, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શ્રમ અને સામાજિક સુરક્ષા કાયદાઓ અને નિયમો હેઠળ તેમના અધિકારોનું રક્ષણ કરે. |
| **ભેદભાવ રહિત** | કોઈપણ વ્યક્તિને રોજગાર સંબંધિત કોઇપણ બાબતમાં—જેમ કે ભરતી, વેતન, પ્રમોશન, શિસ્તાત્મક કાર્યવાહી, નોકરીમાંથી દૂર કરવું અથવા નિવૃત્તિ—લિંગ, જાતિ, ધર્મ, ઉંમર, અશક્તતા, યૌન અભિરૂચિ, રાષ્ટ્રીયતા, રાજકીય અભિપ્રાય, સામાજિક જૂથ અથવા જાતિગત મૂળના આધારે ભેદભાવનો ભોગ બનવું નહીં પડે. |
| **ઉત્પીડન અથવા દુર્વ્યવહાર** | દરેક કર્મચારી સાથે માન અને ગૌરવ સાથે વર્તન કરવામાં આવશે. કોઇપણ કર્મચારીને કોઇપણ પ્રકારની શારીરિક, જાતીય, માનસિક અથવા મૌખિક સતામણી અથવા દુર્વ્યવહારનો ભોગ બનાવવામાં આવશે નહીં. |
| **બળજબરીથી મજૂરી** | જેલ મજૂરી, કરારબદ્ધ મજૂરી, બંધુઆ મજૂરી અથવા અન્ય પ્રકારની બળજબરીથી મજૂરી સહિત કોઈપણ બળજબરીથી મજૂરીનો ઉપયોગ કરવામાં આવશે નહીં. |
| **બાળમજૂરી** | કોઈપણ વ્યક્તિને 15 વર્ષથી ઓછી ઉંમરના અથવા ફરજિયાત શિક્ષણ પૂર્ણ કરેલ ઉંમર, જે પણ વધુ હોય તે ઉંમરથી ઓછી ઉંમરના રોજગારમાં રાખી શકાશે નહીં. |
| **સંઘટનની સ્વતંત્રતા અને સામૂહિક વાટાઘાટ** | નોકરીદાતાઓ કર્મચારીઓના સામૂહિક રીતે સંગઠિત થવા અને સોદાબાજી કરવાના અધિકારને ઓળખશે અને તેનો આદર કરશે. |
| **સ્વાસ્થ્ય, સલામતી, અને પર્યાવરણ** | નોકરીદાતાઓએ કાર્યસ્થળ પર સલામત અને સ્વસ્થ વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેથી કામ દરમિયાન અથવા નોકરીદાતાઓની સુવિધાઓના સંચાલનના પરિણામે થતા, તેમની સાથે સંકળાયેલા અથવા બનતા અકસ્માતો અને સ્વાસ્થ્યને થતી ઇજાઓ અટકાવી શકાય. નોકરીદાતાઓએ કાર્યસ્થળના પર્યાવરણ પર થતા નકારાત્મક પ્રભાવોને ઘટાડવા માટે જવાબદાર પગલાં અપનાવવા જોઇએ. |
| **કામના કલાકો** | નોકરીદાતાઓએ કામદારોને તેઓ જે દેશમાં રોજગાર પામેલા હોય તે દેશના કાયદા મુજબ મંજૂર નિયમિત અને ઓવરટાઇમ કલાકોથી વધુ કામ કરવા માટે બાધ્ય કરવું નહીં. નિયમિત કાર્ય સપ્તાહ 48 કલાકથી વધુ નહીં હોય. નોકરીદાતાઓએ દર સાત દિવસના ગાળામાં કામદારોને ઓછામાં ઓછા સતત 24 કલાકનો આરામ આપવો જોઈએ. બધું ઓવરટાઇમ કામ કર્મચારીઓની સંમતિથી જ કરવામાં આવશે. નોકરીદાતાઓ નિયમિત ધોરણે ઓવરટાઇમની વિનંતી કરશે નહીં, અને બધા ઓવરટાઇમ કામ માટે પ્રીમિયમ દરે ચૂકવણી કરશે. અસાધારણ પરિસ્થિતિઓ સિવાય, અઠવાડિયામાં નિયમિત અને ઓવરટાઇમ કલાકોની કુલ સંખ્યા 60 કલાકથી વધુ નહીં હોય. |
| **વળતર** | દરેક કામદારે નિયમિત કાર્ય સપ્તાહ માટે એવું વેતન મેળવવાનો હક ધરાવે છે, જે તેમની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પૂરતું હોય અને સાથે થોડું વૈકલ્પિક આવક પણ પૂરી પાડે. નોકરીદાતાઓ ઓછામાં ઓછું લઘુત્તમ વેતન અથવા તે સમયનું પ્રવર્તમાન વાજબી વેતન - જે વધારે હશે તે ચૂકવશે; વેતન સંબંધિત બધી કાનૂની આવશ્યકતાઓનું પાલન કરશે; અને કાયદા અથવા કરાર દ્વારા જરૂરી બધા લાભો પૂરા પાડશે. જો વેતન કામદારોની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા અને થોડું વૈકલ્પિક આવક પૂરી પાડવા માટે પૂરતું ન હોય, તો દરેક નિયોજકે FLA સાથે મળીને યોગ્ય પગલાં લેવા જોઇએ, જેથી ક્રમશઃ એવું વેતન સ્તર પ્રાપ્ત થાય જે આ જરૂરિયાતોને પૂર્ણ કરે. |